# Hemchandracharya North Gujarat University

Accredited by NAAC with "B" Grade(CGPA 2.21)

જા.નં. સ્ટેટ/ઈમેલ /૨૦૨૫
તા. ૧૧/ ૦૯ /૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી/ AISHE નોડલ ઓફિસરશ્રી,
યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો
(પાટણ, બનાસકાંઠા તથા મહેસાણા)

**વિષય:–All India Survey on Higher Education તાલીમ કાર્યક્રમ માં હાજર રહેવા અંગે..**

શ્રીમાન,

આપશ્રીને વિદિત થાય કે Ministry of Education ધ્વારા ઉચ્ચ શિક્ષણ અંગે સર્વે હાથ ધરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૩–૨૪ નો સર્વે આપશ્રીના સાથ સહકારથી પૂર્ણ થયેલ છે. જેને માટે સર્વે આચાર્યશ્રીઓનો આભાર.

અગામી AISHE ૨૦૨૪–૨૫ સર્વે Launch થઈ ગયેલ છે. આ તાલીમ કાર્યક્રમ માં DCF-II FORM માં થયેલ ફેરફાર મુજબની સમજ આપવી, નવી કોલેજમાં નીમાયેલા નવા કોલેજ નોડલ ઓફિસર તેમજ જુની કોલેજોમાં બદલાયેલા નવા કોલેજ નોડલ ઓફિસરોએ AISHE સર્વે અંગેની સંપુર્ણ માહિતી મેળવવી આવશ્યક છે.સ્ટેટ નોડલ ઓફિસરશ્રી દિનેશ શર્મા તથા તેમની ટીમની ઉપસ્થિતિમાં સંપુર્ણ પ્રોગ્રામ થતો હોવાથી પાટણ, મહેસાણા, બનાસકાંઠા જિલ્લાના માત્ર કોલેજના નોડલ ઓફિસરે જ તાલીમ કાર્યક્રમમાં ફરજિયાત હાજર રહેવું. કોલેજોએ આવવા–જવાનો ખર્ચ કોલેજ ખાતે ઉધારવાનો રહેશે. તેમજ જે કોલેજે DCF-II અપલોડ કરેલ હોય તે કોલેજના નોડલ ઓફિસરે પણ અચુક હાજર રહેવુ.હાજર રહેનાર AISHE નોડલ ઓફિસરશ્રી એ રજીસ્ટ્રેશન તારીખ –૧૮/૦૯/૨૦૨૫ બપોરના ૧.૦૦ કલાક સુધીમાં લીંક https://forms.gle/yEoFxjzV1SiB3zY66 અચુક કરાવાનું રહેશે.(માહિતી માત્ર અંગ્રેજી માં ભરવાની રહેશે.) ઉપરોકત ફોર્મની લીંક આપશ્રીને કોલેજના ઈમેલ એડેસ તથા HNGU COLLEGE વોટ્સ–અપ ગ્રુપમાં મોકલી આપવામાં આવશે.વ્યવસ્થાના ભાગરૂપે નિયત સમયમર્યાદામાં રજીસ્ટ્રેશન કરાવી દેવું. જેથી પાછળથી અગવડ ના પડે.

| ક્રમ | જિલ્લા ના નામ | તારીખ | સમય | તાલીમનું સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | પાટણ,મહેસાણા, બનાસકાંઠા | ૨૦/૦૯/૨૦૨૫ | – સવારે૧૦:૦૦ કલાકે રજીસ્ટ્રેશન/ ચા<br>– ૧૦:૩૦ કલાકે તાલીમ<br>– ૦૧:૩૦ કલાકે ભોજન | કન્વેશન હોલ નંબર–૨, હેમચંન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ |

આપનો વિશ્વાસુ,

યુનિવર્સિટી નોડલ ઓફિસર(AISHE)
હેમ.ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણ

નકલ રવાના :

- શ્રી દિનેશ શર્મા, સ્ટેટ નોડલ ઓફિસર (AISHE), KCG, નવરંગપુરા, અમદાવાદ(જાણ સારું)
- માન.કુલપતિશ્રીનું કાર્યાલય(જાણ સારું)
- કુલસચિવશ્રી નું કાર્યાલય (જાણ સારું)
- IQAC કો–ઓર્ડીનેટરશ્રી, હેમ.ઉ.ગુ.યુનિ.પાટણ (જાણ તથા જરૂરી કાર્યવાહી સારું)
- કો–ઓર્ડિનેટરશ્રી,પત્રકારત્વ વિભાગ, હેમ.ઉ.ગુ.યુનિ.પાટણ (જાણ તથા જરૂરી કાર્યવાહી સારું)

P.B. No. 21, University Road, Patan - 384265, Gujarat State. INDIA
Phone : +91 2766 - 237000, 220932, 230529
Mail : regi@ngu.ac.in Web : www.ngu.ac.in